# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

મારું હૃદય ના ફાવે તો કહેજો મને,
કોઈ આંગણું બોલાવે તો કહેજો મને.

મારા પછી ને મારા પહેલાંનો સમય,
જો દિલ કદી સરખાવે તો કહેજો મને.

હું સામે ચાલીને કદી મળતો નથી,
પણ મહી નદી જો આવે તો કહેજો મને.

મારા પછી આ ગામ વચ્ચેની નદી,
કોઈ આંખથી છલકાવે તો કહેજો મને.

- સંદીપસિંહ ચાવડા

## પાથેય

- રમેશ ઠક્કર

# ધરતીનાં છોરૂ....

નિબંધોમાં એક અદ્ભુત પ્રકાર છે ચરિત્ર નિબંધો.એમાં લાલિત્ય તો હોય જ છે..કોઈક વ્યકિતનો આલેખ હોય છે..સ્મરણોની સજાવટ અને અતિતરાગનું ચોટદાર સંવેદન પણ હોય છે.."નામરૂપ" આવા જ ચરિત્ર નિબંધોનો સંગ્રહ છે..જેના લેખક છે અનિરૂધ્ધ બ્રહ્મભટ્ટ..

લેખક અતિ સંવેદનશીલ છે..તીવ્ર સ્મરણશકિત ધરાવે છે..એમનું બાળપણ ગ્રામ્ય માહોલના નૈસર્ગિક વાતાવરણમાં વિત્યું છે..ભણતરના નાતે શહેર સાથેનું સંવનન પણ રહ્યું છે..એમની શૈલીમાં માટીની સુગંધ છે..ઉત્તર ગુજરાતની ભાષા,લોકબોલી,ગીતો, અને પ્રચલિત ઉકિતઓ એમાં સહજ આવે છે..આ એમનો એકમાત્ર રેખાચિત્રોનો સંગ્રહ છે. પણ આ એક જ પુસ્તક થકી પણ ગુજરાતી નિબંધકારોની અગ્રીમ હરોળમાં એમણે પોતાનું નામ અંકિત કરી લીધું છે..

લેખક પોતાનાં પાત્રો વિશે શું કહે છે ? "ચેતનાના ભિન્ન ભિન્ન સ્તરે જીવતાં અનેક માનવીઓ મારા જીવનમાં આવ્યાં ને ગયાં.જેઓ હયાત છે તેમનાં રૂપ તેનાં તે નથી રહયાં. રહી છે માત્ર સ્મૃતિ.અશ્વત્થનાં પર્ણો ખરીને વિલીન થઈ ગયાં છે.પણ મારા મનમાં કેટલાંક પર્ણો હજુ ફરફરે છે.એમનાં રૂપોને આ ચરિત્ર નિબંધોમાં શબ્દબધ્ધ કર્યાં છે.."

સંગ્રહમાં કુલ ૧૯ જેટલાં સ્મૃતિમાં વસતાં પાત્રોને લેખકે જીવંત બનાવ્યાં છે..એમાં ગપો પંડિત નામે અલગારી મિત્ર છે..શ્યામજી હનુમાન નામનો અલ્લડ માણસ અને એની સાથેનું તીવ્ર સંવેદન કરૂણ છતાં સંયમિત સ્તરે વાચકને ભીંજવી જાય છે..ગુજરાતી હિન્દીનું અદ્ભુત મિશ્રણ કરતા ગોરબાપા..'હડફ હડફ' લાડવા ખાતા અને ભાવાદ્ર બનીને ભજનો પણ ગાતા..લેખક કહે છે એમ એક જ માનવીનાં બે રૂપ એક બાજુ ખેંચે કાયા અને બીજી બાજુ ખેંચે રઘુપતિ રાયા !

"બાબુ વીજળી " એમની બહુ જ જાણીતી કૃતિ છે. પાઠય પુસ્તકમાં ભણવામાં આવતી..ગામડે વસતો એમનો બાળ ગોઠિયો...ભણવામાં ગોખણપટ્ટી કરે પણ "મિરજાફર નામનો એક નવાબ હતો " અને "મિરજાફર નામનો નવાબ હતો " એ બંને વાક્યો વચ્ચેની ભાષાની કરામત સમજવી એને માટે મુશ્કેલ હતી !બાબુને કુતરાં બહુ વ્હાલાં..એની આસપાસ અનેક કૂતરાં ઘેરાયેલાં જ હોય..ગામની અંદર થતી ભવાઈમાં એ સ્ત્રી નો વેશ ભજવતો..રંગલા સાથે..નામ એનું વીજળી..આબેહૂબ અને છટાથી એ પાત્ર ભજવતો અને એનું નામ પ્રચલિત થઈ ગયું બાબુ વીજળી !

વિધવા માતાનો એકમાત્ર પુત્ર બાબુ..સરસ સહજ..લેખકને બધી વાતો કરે..રામાયણ મહાભારતના અનેક પ્રસંગો ઘટનાઓ એને યાદ પણ ભણવામાં સખત કંટાળો અનુભવે..લેખક વડોદરા ભણતા.ગામે આવે ત્યારે બાબુ અને બેય અચૂક મળે..ભજનમંડળીમાં નાચે..ગપાટા મારે..તીણા રાગમાં ભજનો પણ ગાય.અનેક સ્મરણો વાગોળતા લેખકે એક જીવંત આલેખન અહીં કર્યું છે..નાનપણમાં બાબુ એમને ગાડીમાં વળાવવા આવતો એના રમૂજી પ્રસંગો અને વર્ષો પછી ગામમાં આવીને વિદાય થતા લેખક ગાડીની છૂટી જતી ગતિમાં પોતાના બાળપણના આ દોસ્તને શોધે છે એ નિરૂપણ આપણી આંખ ભીની કરી જાય છે..

"નામરૂપ" ના નિબંધોમાંથી ફરી એકવાર પસાર થતાં મને પણ ઉત્તર ગુજરાતનું મારૂં નદી કાંઠાનું નમણું ગામ અને બાબુ જેવાં નિર્દોષ પાત્રો યાદ આવી ગયાં...ઉત્તર ગુજરાતની તળપદી બોલીનો રસપ્રદ વિનિયોગ..અને આકર્ષક શૈલી થકી આ રેખાચિત્રો એક અલગ અનુભૂતિ કરાવી જાય છે..!

# યુએસના યુવાન ઝકરબર્ગે લોકોની નાડ જોરદાર પારખી છે



કોઈપણ વ્યક્તિને એના જીવનનો કોઈ ખૂણો ખાલી રહે એ નથી પરવડતુ. બધાને કોઈને કોઈ સંગાથ જોઈએ છે. સૌ કોઈને એના અનુભવો, લાગણીઓ, મનમાં ઉદભવેલા ખ્યાલો વહેંચવા છે. બીજાના વિચારો જાણવા છે. વ્યક્તિનું મન એકલું રહેવામાં ક્યારેય માતનુ નથી એને વાત વહેંચવા માટે મિત્રો જોઈએ છે. અમેરિકાની એક લબ્ધપ્રતિષ્ઠિત સંસ્થાએ સર્વે કર્યો. એણે ઘણા લોકોને મળીને એક તારણ એ કાઢ્યું કે, પ્રત્યેક વ્યક્તિને નવા લોકો સાથે વાત કરીને સમય પસાર કરવામાં આનંદ આવે છે. મોટા ભાગના લોકોનું કહેવું હતું કે, નવા મિત્રો બનાવી એમની સાથે વૈચારિક આદાન પ્રદાનથી બન્ને પક્ષે લાભ મળે છે.

નવા મિત્રો બને ત્યારે એમને તમારી અપેક્ષા આકાંક્ષા અને સપનાઓ જાણવામાં રસ પડે છે. સામે પક્ષે તમને પણ તમારા વિચારો વ્યક્ત કરવામાં આનંદ આવતો હોય છે. એક જમાનો હતો કે, જ્યારે લોકો રોજ સાંજે ગામના ચોરે ભેગા થાય. જુના મિત્રો સાથે વાતચીત કરે અને ગામમાં નવા આવેલા લોકો સાથે મૈત્રી કેળવી એકમેકમાં ભળી જતા. ધીમે ધીમે શહેરોના નુક્કડ ઉપર કે ફલેટના કોમન ગાર્ડન એરીયા કે કોમન પ્લોટમાં લોક મળીને મનના એકાંત ખૂણાને પૂરતાં.

આજના યુગમાં માણસનું જીવન વર્ચ્યુઅલ અને એક્ચુઅલ એમ ભાગમાં વહેંચાઈ ગયું છે. ઈન્ટરનેટે જગતભરમાં ભારે ધમાલ મચાવી છે. ૨૧મી સદીની શરૂઆત એક જબરજસ્ત ડિજીટલ ક્રાંતિ સાથે થઈ. આ ડિજીટલ ક્રાંતિના મુળમાં માણસની મૈત્રી માટેની મહેચ્છા અને વિચારો વહેંચવાની ભુખ હતી. એને દિશા આપી ફેસબુકે. વર્ષોથી ન મળેલા કેટલાય લોકોને ફરી એક મંચ ઉપર લાવી મેળવી આપવાનું કામ ફેસબુકે કરી આપ્યું છે. ફેસબુકની કેટલીક રસપ્રદ બાબતો મમળાવવા જેવી છે.





હાર્વર્ડ યુનિર્વસીટીના વિદ્યાર્થીઓ એકબીજા સાથે સંપર્કમાં રહી શકે અને મજાક મસ્તી કરી શકે એ આશયથી માર્ક ઝકરબર્ક નામના યુવાને વર્ષ ૨૦૦૪માં ફેસબુક સાઈટ બનાવી. જો કે આ સાઈટની મેમ્બરશીપ માત્ર હાર્વર્ડના વિદ્યાર્થીઓ પુરતી સીમીત હતી. પાછળથી એમણે ફેસબુકનો દાયરો બોસ્ટન, સ્ટૈનફોર્ડ યુનિવર્સિટીમાં ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થી સુધી ફેલાવ્યો. વર્ષ ૨૦૦૬ આવતા સુધીમાં ૧૩ વર્ષ ઉપરના દરેક વ્યક્તિને ફેસબુકની મેમ્બરશીપ આપવામાં આવી. વર્ષ ૨૦૧૨ ફેબ્રુઆરીમાં પહેલી વાર ફેસબુકે રૂ.૧૦૪ કરોડ ડોલરની વેલ્યુએશન સાથે લીમીટેડ કંપની સ્વરૂપે એન્ટ્રી મારી.

ઝકરબર્ગે વર્ષ ૨૦૦૩માં એક પ્રોગ્રામ બનાવ્યો અને એનું નામ આપ્યું હ્વછઝઈસ્છજીઊઁ ફેસમેશ. આ પ્રોગ્રામ બનાવ્યાના પહેલા ચાર કલાકમાં જ ૪૫૦ લોકો એનાથી આકર્ષયા અને ૨૨,૦૦૦ લાઈક મળી. જો કે હાર્વર્ડ યુનિર્વસિટીના સત્તાવાળાઓએ ઝકરબર્ગના આ પ્રોગ્રામને કોપીરાઈટ વાયોલેશનના નેજા હેઠળ બાન કરી દીધો. પણ પછી થોડા સમય બાદ આ બાન હટાવી લીધો. શરૂ શરૂમાં ફેસબુકને સ્ટુડંટસ ડાયરેક્ટરીના સ્વરૂપે લોકો ઓળખતા હતા. આમ એટલે કહેતા કે, ફેસબુકમાં વિદ્યાર્થીનું નામ, સરનામું, તસવીર જેવી પ્રાથમિક માહિતી આસાનીથી મળી શકતી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૦૪માં ઝુકરબર્ગે એમાં પરિવર્તન કરી નવા કોડિંગ સાથે પ્રોગ્રામ બનાવ્યો અને એનું નામ ફેસબુક આપ્યું. ક્રિસમસમાં ફેસમેશના સંદર્ભમાં એક એડિટોરીયલ લખાયો હતો એના ઉપરથી ઝકરબર્ગને આની પ્રેરણા મળી. એડિટોરિયલમાં જણાવ્યું હતું કે, એક આવી કેન્દ્રીય વેબસાઈટની જરૂરિયાત છે જે લોકોને નજીક લાવે અને ફાયદાકારક બની રહે. બસ પછી માર્ક ઝકરબર્ડને એવી ચાનક ચડી કે એના ત્રણ મિત્રો ડસ્ટિન્ટ મોસ્કોવિડ્યુ, એડુવર્ડો સબેરિન અને સી હગેસ સાથે મળીને ફેસબુક સાઈટ બનાવી નાખી.

માત્ર ૧૦ વર્ષમાં ફેસબુકે કરોડો લોકોના હૃદયમાં સ્થાન જમાવી લીધું. આની પાછળનું મુખ્ય કારણ લોકોને મિત્રો બનાવી પોતાની વાત વહેંચવાની ખેવના હતી. જોત જોતામાં ફેસબુકે વેબસાઈટની દુનિયામાં નવા કીર્તિમાનો સ્થાપી દીધા. આજની તારીખમાં ફેસબુકના ૭૦ ટકા યુઝુર અમેરિકા બહાર વસે છે. આમ જોવા જઈએ તો આજના ગ્લોબસાઈઝનના યુગમાં ફેસબુક વર્ચ્યુઅલ કન્ટ્રીનું સ્ટેટસ ભોગવી રહ્યું છે એમ કહી શકાય. ભારત અને ચીનને બાદ કરતા ફેસબુક યુઝુર્સની સંખ્યા વિશ્વના કોઈપણ દેશ કરતા ક્યાંય વધુ છે. ઝકરબર્ગ હોય કે ડસ્ટિન, મૈકોલુમ હોય કે ક્રિસ કોઈએ સપનામાં પણ નહીં વિચાર્યું હોય કે એમની આ સોશિયલ સાઈટની વિશ્વભરમાં આટલી મોટી વ્યાપક અસર પેદા થશે.

ફેસબુકની સ્થાપનના અગીયાર વર્ષ બાદ જ્યારે વર્ષ ૨૦૧૫માં માર્ક ઝુકરબર્ગ ભારતના પ્રવાસે આપ્યા ત્યારે એમણે ભારતીય જ્ઞાનના સંદર્ભમાં કહ્યું હતું કે, એ ભારતને જ્ઞાનનું મંદિર માને છે અને ભારતમાંથી એમણે ફેસબુકના કપરા કાળમાં તેને ફરી બેઠુ કરવાની પ્રેરણા પ્રાપ્ત કરી છે. ફેસબુક વેચાઈ જવાની સ્થિતીમાં પહોંચી ગયું હતુ એ અરસામાં એપલ કંપનીના સંસ્થાપક અને ઝકરબર્ગના ગુરુ સ્ટીવ જોબ્સે એને સલાહ આપી કે, એ ભારતના પ્રવાસે જાય. પછી એણે એક મહિનો ભારતનો પ્રવાસ કર્યો.

એક દોઢ દાયકા પહેલાં ફેસબુકની બાયોગ્રાફી ઉપર એક ફિલ્મ 'ધ શોશિયલ નેટવર્ક' બની હતી. આ ફિલમ જોવા જેવી છે. ફેસબુકના કેટલીક રસપ્રદ વાતો જાણવા જેવી છે. કોઈપણ વ્યક્તિ માર્ક ઝકરબર્ગને બ્લોક નથી કરી શકતું. ફેસબુક પેજ ૭૦થી વધુ ભાષામાં વાંચી શકાય છે. રૂચિ સંઘવી પહેલી ફેસબુક યુઝર હતી કે જેણે ન્યુઝ ફીડનો આઈડિયા આપ્યો હતો. એક અભ્યાસ અનુસાર સ્માર્ટ ફોન યુઝુર દિવસમાં ૧૪ વખત ફેસબુક જુએ છે. કોઈ યુઝરનું મૃત્યુ થાય અને પરિવાર ઈચ્છે તો ફેસબુક એમના પ્રોફાઈલને એક સ્મારકના રૂપમાં તબદીલ કરી શકે છે. ફેસબુકમાં ૩૦ મિલિયન મૃત લોકોના એકાઉન્ટ આજે પણ છે. ફેસબુકનું પહેલું એકાઉન્ટ અલ પસિનોનું હતું. વર્ષ ૨૦૦૯માં જ્યારે ચીને ફેસબુકને બાન કર્યું ત્યારે એક જ દિવસમાં ૯૫ મિલિયન યુઝર્સ ઓછ થઈ ગયા હતા. ૪૮ ટકા યુઝર્સ સવારે ઉઠીને પહેલા એફબી એકાઉન્ટ જુએ છે. વર્ષ ૨૦૧૧માં આઈસલેંડનું સંવિધાન ફેસબુકની સહાયતાથી લખવામાં આવ્યું હતું. જગતમાં જેટલા ઈન્ટરનેટ યુઝર્સ છે એ પૈકી ૫૦ ટકા ફેસબુક એકાઉન્ટ ધરાવે છે.

ફેસબુક સોશિયલ નેટવર્કિંગ સાઈટ મૈત્રીભાવનું પવિત્ર ઝરણું વહેવડાવવાનું પુણ્યશાલી કામ કરી રહ્યું છે. કરોડો લોકોના હૃદયથી આશીર્વાદ મેળવી રહ્યું છે. લોકોની ભાવના અને સંવેદનાને દિશા આપવાની નાડ ઝકરબર્ગ જેવા યુવાને બરાબર પારખી લીધી છે. એટલે જ કદાચ ફેસબુક આજે દુનિયાની શીરમોર નેટવર્કિંગ વેબસાઈટ બની શકી છે. વેબસાઈટનું વિશ્લેષણ કરતી દાદુ કંપની એલેક્ષા ડોટ કોમે ફેસબુકને વિશ્વની બીજા નંબરની સૌથી મહત્વપૂર્ણ વેબસાઈટ જાહેર કરી છે. સો વાતની એક વાત એ છે કે, દરેકને મિત્રો જોઈએ છે, મિત્રો બનાવવા અને મિત્રો સાથે સમય પસાર કરવો છે. મનમાં વિચારોનો આથો ચડે એ કોઈને મંજૂર નથી. એટલે જ ફેસબુક વહેવા માટેનું ઉત્તમ ઝરણું બની જગત આખા ઉપર આજે રાજ કરે છે.

**ધબકારઃ**

**ઘણા અજાણ્યા ચહેરાઓ પાછળ અનેક લાગણી ભિના મિત્રો તમારી રાહ જોતા હશે.**

# ગાયબ હો રહે હૈ, મનુષ્યતા કે મોર્ચે પર લડતે હુએ લોગ

વિશાળ દુનિયામાં આમ-તેમ ભટકાતા માણસોની ભીડ વધી રહી છે. મહાનગરોમાં માણસોનો દરિયો વહી રહ્યો છે. સવારે નોકરી-ધંધે જવાના સમયે કે પાછા આવવાના સમયે સડકો પર કીડી-મંકોડાની જેમ ઊભરાતા લોકોના ટોળા નજરે ચડે છે. કો'ક દિવસ આજુબાજુની કોઈ બહુમાળી ઈમારત પર ચડીને માનવ-વસ્તીની દોડને જોવી જોઈએ. આમ તો એ દોડનો હિસ્સો આપણે પણ છીએ, પણ ક્યાંક અટકીને ઉપરથી અવલોકન કરવા જેવું છે. બધા ભીડમાં ચાલે છે, એકબીજાને અથડાતા જાય છે, પણ કોઈ સાથે ચાલતું નથી. બધા એકલા-અટૂલા ચાલે છે. માણસોમાં માણસાઈ મીસીંગ છે.

થાય અહીં એ દુર્ઘટના કે એક માણસને બીજો માણસ ગળી જતો અજગરની જેમ

- રમેશ પારેખ

મોબાઈલ ફોનની સીમકાર્ડ મેમરી અને ફોનબુક મેમરી ફુલ થઈ જાય એટલા કોન્ટેક્ટ નંબર આપણે સેવ કર્યા છે, ટેલિફોન ડાયરીમાં 'છ'માં અમિતાભથી માંડીને 'ઢ' પર ઝીણાભાઈ સુધીના ફોન નંબર તથા એડ્રેસ ખીચોખીચ ભરેલા પડ્યા છે.

નેટ પર રોજના થોકબંધ મેલ આપણે મોકલતા રહીએ છીએ, મેળવતા રહીએ છીએ. ક્ક્ષ્ઠીર્હ્વ્રૈુ જેવી સોશિયલ નેટવર્કિંગ સાઈટ ઉપર આપણા નામની નીચે કહેવાતા મિત્રોનો તોતિંગ આંકડો બોલી રહ્યો છે.

સવારે ઊઠીને જોગિંગ કરવા જઈએ ત્યારે મસમોટા જૂથ સાથે 'હાય-હેલ્લો'નો વ્યવહાર હોય છે. ક્યારેક જ્યૂસ કે સવારની ચાની ચૂસકી માણીને રીલેશન મેઈન્ટેઈન કરતા રહીએ છીએ. વળી પાછા ઓફિસ, કોલેજ કે વ્યવસાયના સ્થળ પર 'સો કોલ્ડ' સાથી કાર્યકર સાથે જાણે ભવોભવની સગાઈ હોય તેમ બત્રીસી ચમકાવતા ગાલના ગલોફા સંકોચતા હાસ્ય સાથે ઝીણી આંખ કરીને હસ્તધનૂન કરવાનું તો ખરું જ ને!


'પહેલો સગો તે પાડોશી' કહેવત પ્રમાણે પાડોશી સાથે મળી સાંજે ઓટલા પરિષદ ભરીને આખા વિશ્વની પટલાઈ કરતા કરતા આજુ-બાજુવાળાની ચોવટ માંડતા બેસીએ છીએ. પણ જયારે આપણા હૃદયના ટૂકડા સમા કોઈ વ્યક્તિને હોસ્પિટલના બિછાને મૂકીને ઓપરેશન માટેના રૂપિયાની વ્યવસ્થા કરવાનો સમય આવે, ત્યારે ખીચોખીચ ભરેલી ફોનબુકમાંના કેટલા નંબર કામે લાગે છે ? જયારે કોઈ તમારી નિખાલસતાનું વસ્ત્રહરણ કરીને તમને લોહી લુહાણ કરી ગયું હોય ત્યારે પેલા ઈ-મેલિયા મિત્રોમાંથી કેટલાની સાથે ચેટ કરી શકશો ?

વેપાર-ધંધામાં ખોટ ખાવાનો વારો આવ્યો હોય કે આર્થિક સંકડામણ અનુભવતા હોઈએ, જીવ મુંઝાતો હોય ત્યારે સોશિયલ નેટવર્કિંગ સાઈટનો કયો કામે આવવાનો છે?

શિષ્ટાચાર પતાવતા માટે,કે પછી જયારે આપણો સફળતાનો સૂર્ય તપતો હોય ત્યારે જન્મદિવસ પર એસએમએસ અને ફોનની ભરમાર મચી જાય છે. ભાત ભાતની અને જાત જાતની અલગ અલગ રીતથી વીશ કરતા લોકો આપણે થાકી ન જઈએ ત્યાં સુધી શુભેચ્છા પાઠવતા હોય છે.

ઊતર્યો અમલદાર કોડીનો' એ ન્યાયે કામ સરી ગયા પછી કોઈ ભોજયો ભાઈ ભૂલથી પણ જન્મ તારીખ યાદ રાખતો નથી.

અરે દુઃખની જ ક્યાં વાત કરવી ! એકાદ સાંજે મન ભરીને નદી કીનારે સુર્યાસ્ત માણવો હોય તો ચેલેન્જથી કહી શકાય કે એવો કોઈ વીરલો નહીં હોય જેને તમારી સાથે બેસવાનો સમય હોય. મેં કીસે કહું મેરે સાથ ચલ, યહાँ કૌન ઈતના કરીબ હૈ'





મુશ્કેલીઓનો સૂર્ય જયારે બરાબર માથા પર નગારા વગાડતો હોય ત્યારે તો પડછાયો પણ સાથ નથી આપતો, તો પછી બીજાની પાસે તો શું અપેક્ષા રાખવી. અણીના સમયે, દુઃખ કે નિષ્ફળતા વખતે જો એવી કોઈ વ્યક્તિ ધ્યાનમાં ન આવે કે જેને રીંગ કરીને પાસે બોલાવી શકાય. તો પછી રાઈટ નાવ, અત્યારથી જ આપણા હૃદય અને મનના મોબાઈલમાંથી એવા ફોર્મલ અને ગરજાઉ નામ અને નંબર ડિલીટ કરવાનું શરૂ કરી દઈએ, જેથી કરીને ખરા ટાણે ડાયલ કરીએ ત્યારે રોગ નંબર ન લાગે.

શ્રી રાજેન્દ્ર રાજનનું એક કાવ્ય આ સમયે પીરસવાનું મન થાય છે.

મેં જિતને લોગો કો જાનતા હૂં
ઉન મેં સે બહુત કમ લોગોં સે હોતી હૈ મિલને કી ઇચ્છા
બહુત કમ લોગો સે હોતા હૈ બતિયાને કા મન
બહુત કમ લોગ હૈં ઐસે જિન સે કતરા કર નિકલ જાને કી ઇચ્છા નહીં હોતી કામ-ધન્ધે, ખાને-પીને, બીવી-બચ્ચોં કે સિવા બાકી ચીજો કે લિયે
બંદ હૈ લોગો કે દરવાજે
બહુત કમ લોગો કે પાસ હૈ થોડા સમય
તુમ્હારે સાથ હોને કે લિયે
શાયદ હી કોઈ તૈયાર હોતા હૈ તુમ્હારે સાથ કુછ ખાને કે લિયે
ચાહે જિતના બઢ જાયે તુમ્હારે પરિચય કા સંસાર
તુમ પાઓગે બહુત થોડે સે લોગ હૈ ઐસે સ્વાધીન હૈ જિન કી વૃદ્ધિ
જહર નહીં ભરા કિસી કિસ્મ કા જિનકે દિમાગ મેં
કિસી ચકાચોંધ સે અંધી નહીં હુઈ જિન કી દૃષ્ટિ
જો ખોજતે રહતે હૈ જીવન કા સત્વ જો જાનના ચાહતા હૈ હર બાત કા મર્મ
જો કહીં ભી ચુપચાપ નિભાતે હૈ અપના ધર્મ
ઈને-ગિને લોગ હૈ ઐસે જૈસે એક છોટા સા ટાપૂ હૈ
જન સંખ્યા કે ઈસ ગરજતે સાગર મેં
જિસ સમય કાંપ રહી હૈ યહ પૃથ્વી મનુષ્યોં કી સંખ્યા કે ભાર સે
ગાયબ હો રહે હૈ
મનુષ્યતા કે મોર્ચે પર લડતે હુએ લોગ.
ગાયબ હો રહે હૈ
મનુષ્યતા કે મોર્ચે પર લડતે હુએ લોગ

- jayuoza@gmail.com,
Mo.9898046488

# શિશુવિહારમાં માનવતાના કાર્યોના દીવડાં ઝળહળે છે અને અજવાળા સમાજના રેલાય છે

'માનવ જીવનના ચાર ખંડો છે, માનભાઈ ભટ્ટ (માનદાદા)નો ગર્ભખંડ ગાંધીજી અને વિનોબાના વિચારોનો હતો. વર્ગખંડ શિશુવિહારનો, કર્મખંડ, નિષ્કામ્ જનસેવાનો અને ધર્મખંડ ઉત્તમ હતો.'

- મોરારી બાપુ

'બહેનો આત્મનિર્ભર બને તો તેમનું સામાજિક સન્માન વિસ્તરે છે, શિશુવિહાર દ્વારા આ દિશાનો પ્રયત્ન અભિનંદનને પાત્ર છે.'

- પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝા.

માણસના જીવનનો આધાર બાળ ઉછેર છે અને તેથી જ પોતાની આગવી પદ્ધતિથી સામાજિક સેવાના બાગરુપે શ્રી માનભાઈ ભટ્ટે ભાવનગરમાં ૧૯૩૯ના વર્ષમાં શિશુવિહાર સંસ્થાની સ્થાપના કરી. અહીં ઉપર લખેલા ઉદ્‌ગારો આ વ્યક્તિ અને સંસ્થા ઉપર લખેલા ઉદગારો આ વ્યક્તિ અને સંસ્થા માટેના છે.

શિશુવિહાર સંસ્થા કે માનભાઈ વિશે અહીં વાત કરવી એટલે એક ગાર જેવડો લેખમાં સાગર સમાવવા જેવું છે.

સંસ્થામાં ૧૯૩૯માં ક્રિડાંગણ સ્થાપ્યું, જયાં દર વર્ષે ૭૫ હજારથી વધુ બાળકો રમવા આવે છે. રોજ સાંજે ઢળે શિશુવિહારના ક્રીંડાગણમાં ગુંજે છે. બાળકોનો મધુર કલરવ.

માનભાઈ ભટ્ટે બાળકોમાં વાંચવાની ટેવ જાગૃત થાય માટે ૧૯૩૯થી જ જીવન ઉપયોગી પ્રકાશનો પ્રસિદ્ધ કરવાનું શરુ કર્યું. જેમાં જીવન ઘડતર, સાહિત્ય, વગેરેની પુસ્તિકાઓ અને પત્રિકાઓનો સમાવેશ થાય છે. છેલ્લા વીસ વર્ષમાં અંદાજે ૫૫૦ થી વધુ આવા પ્રકાશનો તૈયાર થયા હશે.

૧૯૪૦ના વર્ષમાં શિશુવિહાર સંસ્થાએ રોજગારી માટે સિવણ તાલીમ શરુ કરી હતી. તાલીમ ઉપરાંત સિવણ સંચો ખરીદવા સહાય પણ અપાય છે.

સંસ્થામાં ૧૯૪૨થી શરુ થયેલ ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલયમાં મોટી સંખ્યામાં પુસ્તકો છે અને દૈનિક સમાચાર પત્ર તથા મેગેઝીન પણ વાંચવા લોકો આવે છે.

૧૯૫૪ થી અહીં સ્કાઉટ ગાઈડ તાલીમ શરુ કરવામાં આવી છે. ૧૯૫૨માં મોંઘીબહેન બધેકા બાલમંદિર શરુ કરાયું છે.

સમય સાથે પરિવર્તન સાધીને હવે તો બાલમંદિરમાં કોમ્પ્યુટર તાલીમ પણ અપાય છે

૧૯૬૦માં માંદગી સાધન સહાય અને આરોગ્ય ઉકાળા પરબનો આરંભ કરાયો હતો.

બાળકો અને યુવાનોમાં કલાના અને શોખના વિવિધ સ્વરુપે વિશે જાણકારી વધે તે હેતુથી ૧૯૩૯માં રંગભૂમિ - કલાક્ષેત્રની અને ૧૯૬૨માં સંગીત વર્ગની શરુઆત કરવામાં આવી હતી

૧૯૮૦થી શિશુવિહારમાં દર બુધવારે સાંજે કવિ - લેખકોની એક સભા યોજાય છે તે બુધસભા તરીકે જાણીતી છે. જેના થકી અનેક કવિઓના સર્જનો ઘડવામાં એક પ્લેટફોર્મરુપ બન્યું છે શિશુવિહાર.





બાળ આરોગ્યના કેમ્પ તથા પ્રભુ કૃપા નેત્રયજ્ઞનો આરભ કરીને માનવતાના માર્ગે ઉત્તમ કાર્ય સંપન્ન થઈ રહ્યું છે

૧૯૯૦ મા મહિલા ઉત્કર્ષ પ્રવૃત્તિઓનો આરંભ, ૧૯૯૨માં વિવિધ ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદાન કરનારા નાગરિકોનું સન્માન, ૧૯૯૨માં બાલદેવ વનનો ૨૦૧૨થી કોમ્પ્યુટર તાલીમ, ૨૦૧૭થી ફીઝિયોથેરાપી અને ફિટનેશ સેન્ટર જેવા શુભારંભો કરીને શહેરની પ્રજાની સેવામાં કાર્યરત કરાયા છે

સંસ્થાના સ્થાપક માનભાઈ ભટ્ટે સમાજની જે તે સમયની જે જે જરૂરિયાતો અનુસાર સુવિધાઓનું નિર્માણ કરાયું જેને એમના અવસાન પછી અત્યારે સંસ્થાના ટ્રસ્ટીઓ આગળ વધારી રહ્યા છે.

સંસ્થા દ્વારા ભાવનગર શહેર ઉપરાંત આસપાસના અન્ય શહેરો તથા ગ્રામ્ય વિસ્તરોમાં પણ સમયે સમયે સેવાકાર્યો થાય છે, શિબિરો થાય છે.

શિશુવિહાર દિવ્ય જીવનની પ્રાર્થના દરેક શુક્રવારે સાંજે યોજાય છે. આરોગ્ય વર્ધક ઔષધિ પરબ પણ નિયમિત કાર્યાન્વિત છે. સંસ્થાની વિગતો ફેસબુક - ઈન્સ્ટાગ્રામ જેવા સોશ્યિલ મીડિયા પર પણ ઉપલબ્ધ છે. ૧૯૪૪થી સાલથી શિશુવિહાર સામયિક પ્રકાશિત થાય છે.

સેવા અને સંસ્કાર સંવર્ધનનો યજ્ઞ શિશુ વિહારમાં અહર્નિશ કાર્યરત રહે છે. સમાજના વિધવિધ ક્ષેત્રના મહાનુભાવોએમાં એમની સેવાનું સમિધ આપતા રહે છે. બાળકથી લઈ વૃદ્ધ સુધીના ઉંમરના તમામ તબક્કે માણસના ઘડતરમાં શિશુવિહાર સંસ્થા કયાંક ને કયાંક ઉપયોગી થાય છે. ગાંધીજીના અંતેવાસી ઠક્કરબાપાની પ્રેરણાથી શિશુવિહારના પ્રાંગણમાં શરુ થયેલી સેવા પ્રવત્તિઓ ૮૪ વર્ષોથી અવિરત કોઈ પણ જાતની સરકારી મદદ વિના માત્ર જનસહયોગથી ચાલે છે. અનેક સેવાભાવી કાર્યકરો, દાનવીરો અને ટ્રસ્ટીઓની ત્રિવેણી થકી શિશુવિહારમાં માનવતાના કાર્યોના દીવડાં ઝળહળે છે અને અજવાળા સમાજના રેલાય છે.